ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ અંક : ૪૮ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૮-૧૧-૨૦૧૩, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

## પાટણ સ્થિત રાણી કી વાવને વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે ઘોષિત કરાશે : શ્રી અનિલ પટેલ

ભારત સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા ગત તા. ૧૯મી નવેમ્બરથી ગુજરાતનાં ચાંપાનેર-પાવાગઢ ખાતે વર્લ્ડ હેરિટેજ વીકની ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી અનિલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દિપ પ્રાગટ્યથી ઉજવણીનો પ્રારંભ તથા રીબીન કાપીને ફોટોગ્રાફીના પ્રદર્શનને ખુલ્લુ મુક્યું હતું. અતિથિ વિશેષ તરીકે ભારત સરકારના પુરાતત્વ વિભાગનાં પૂર્વ નિયામકશ્રી ઉપસ્થિત રહ્યા હતા.





અત્રે એ ઉલ્લેખનીય છે કે યુનેસ્કો દ્વારા સમગ્ર દેશમાં ૩૦ સ્થળોની વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે પસંદગી કરવામાં આવેલ છે. જે પૈકી ગુજરાતની માત્ર એક ચાંપાનેર વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે પસંદગી થઈ છે.



શ્રી અનિલ પટેલે અગ્નિપથ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ગુજરાતમાં ઘણી હેરીટેજ સાઈટ છે, પંરતુ તેના વિકાસની કેડીઓ રૂંધાઈ રહી હતી. વર્તમાનમાં ભારત સરકારના ગુજરાતના યુનિટના વડા શ્રી શિવાનંદજી તથા રાજ્ય સરકારના અધિકારીઓનાં સમન્વયથી અનેક જગ્યાઓ હેરીટેજ સાઈટ તરીકે વિકસિત અને પ્રચલિત થઈ રહી છે. જગપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરના પરિસરને ગુજરાત પવિત્ર યાત્રાધામ અને ભારત સરકારનાં પુરાતત્વ વિભાગના સંયુક્ત પ્રયાસથી નવપલ્લવિત કરવામાં આવ્યું છે. જ્યારે પાટણની રાણીકી વાવ પણ વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે પસંદગી પામી છે. યુનેસ્કો દ્વારોને ટૂંક સમયમાં વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે જાહેર કરાશે. આમ, રાજ્યમાં આવેલ હેરીટેજ સાઈટો માત્ર ભારત વર્ષમાં જ નહીં પરંતુ વિશ્વકક્ષાએ સ્થાન પામી રહેલ છે, તે આનંદની વાત છે. અધિકારીઓ દ્વારા અડાલજની વાવ તથા મોઢેરા સૂર્યમંદિરને પણ વર્લ્ડ હેરીટેજમાં સ્થાન મળે તે માટે પ્રયત્નો થઈ રહ્યાનું જાણવા મળ્યું છે.

## વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર ઉલ્લાસભેર સંપન્ન

રોજડ

પૂજ્ય સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ ખાતે ગત તા. ૧૦મી નવેમ્બરથી ૧૭મી નવેમ્બર સુધી ૮ દિવસીય યોગ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરાવામાં આવ્યું હતું. જેમાં દેશભરના ૧૨ જેટલા રાજ્યોમાંથી ૧૪૪ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો.




શિબિરમાં યોગદર્શન (કેવલ્યપાદ), વેદાન્તદર્શનના સૂત્રો, સત્યાર્થ પ્રકાશ અને કઠોપનિષદ્‌નાં કેટલાક પ્રકરણોનું અધ્યાપન તથા ક્રિયાત્મક યોગ સાધના શિખવાડવાની સાથે સાથે યમ-નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, વિવેક-વૈરાગ્ય, અભ્યાસ, જપ-વિધિ, ઈશ્વર-સમર્પણ, સ્વ-સ્વામી સંબંધ (મમત્વ)ને દૂર કરવા વગેરે અનેક સૂક્ષ્મ આધ્યાત્મિક વિષયો પર માર્ગદર્શન તથા શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વ્યક્તિગત ઉપાસના, વ્યાયામ-આસન, ક્રિયાત્મક-યોગ-પ્રશિક્ષણ, વેદ પ્રવચન, જ્ઞાન-કર્મ-ઉપાસના, દર્શન, ઉપનિષદ, યોગ મેં વિઘ્ન, વિવેક-વૈરાગ્યના શ્લોકો તથા સંધ્યા અને યજ્ઞના મંત્રોના ઉચ્ચારણ અને અર્થ, આત્મનિરિક્ષણ જેવા અનેક વિષયો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

શિબિરની દિનચર્યા સવારના ૪ :૦૦ થી રાત્રીના ૯ :૩૦ સુધી ચાલતી હતી. જેમાં પૂર્ણ કાલિન મૌન વ્રતનું પાલન કરવામાં આવતું હતું.

શિબિરમાં પૂજ્ય સ્વામી સત્યપતિજી, આચાર્ય જ્ઞાનેશ્વરજી, આચાર્ય સત્યજીતજી, આચાર્ય સંદિપજી, સ્વામી મુક્તાનંદજી, આચાર્ય અજયજી, બ્ર. અરૂણ કુમારજી આર્યવીર, શ્રી ચંદ્રેશજી આર્ય, આચાર્ય સોમદેવજી, માતા જયાબેન પોરિયા (યુ.કે.) વગેરે



પ્રશિક્ષકોએ અનેક વિષયાની કક્ષાઓ લીધી હતી. શિબિરના અંતમાં શિબિરાર્થીઓએ પોતાના અનુભવો સંભળાવ્યા હતા. અને ગુણોને ગ્રહણ કરી દોષોને છોડવા સંબંધિત સંકલ્પો ધારણ કર્યા હતા. શિબિરમાં ભોજન તથા આવાસ વગેરેની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આશ્રમના સર્વે બ્રહ્મચારીગણ, શ્રી જશુભાઈ પટેલ તથા શ્રી રાજેશભાઈ પારેખ અને તેમના સહયોગીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## આર્યવીર દળ, ગુજરાતની શીતકાલીન વાર્ષિક પ્રશિક્ષણ શિબિર સફળતાપૂર્વક સંપન્ન

ગાંધીનગર

આર્યવીર દળનો પ્રચાર અને પ્રસાર છેલ્લા કેટલાંક વર્ષોથી ગુજરાતમાં વધ્યો છે. જેનું મુખ્ય કારણ વર્ષમાં બે વખત યોજાતી પ્રશિક્ષણ શિબર છે. આર્યવીર દળ, ગુજરાત અને આર્યસમાજોના સહયોગથી યોજાતી આ શિબિરોમાં આર્યવીરો ઉત્સાહથી જોડાય છે. તેમજ તેની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.



ચાલુ વર્ષની શીતકાલીન શિબિર આર્યસમાજ, કાંકરિયા, અમદાવાદના સહયોગથી આર્યસમાજ, સેક્ટર ૨૪, ગાંધીનગર ખાતે તા. ૧૦/૧૧/૨૦૧૩ થી ૧૭/૧૧/૨૦૧૩ સુધી યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતનાં વિવિધ સ્થળોએથી ૧૫૨ જેટલા આર્યવીરોએ પ્રવેશ મેળવ્યો હતો.

શિબિરની નિશ્ચિત દિનચર્યા સવારના ૪ : ૩૦ થી રાત્રીના ૯ : ૩૦ સુધીમાં આર્યવીરોને બે શ્રેણીમાં પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. સર્વપ્રથમ શિબિરમાં જોડાયેલાને આર્યવીર શ્રેણી અને અગાઉ પ્રથમ શ્રેણીમાં ઉત્તિર્ણ થયેલાને શાખાનાયક શ્રેણીનાં વિષયો લેવામાં આવ્યા હતા. શારીરિક, બૌદ્ધિક અને ચારિત્રીક એમ ત્રણ પ્રકારનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના વિષયો હતા. સર્વાંગ સુંદર વ્યાયામ, સૂર્ય નમસ્કાર, દંડ, બેઠક, આસન, પ્રાણાયામ નિયુદ્ધમ્ (કરાટે), લાઠી, ભાલા, છૂરી, સૈનિક શિક્ષા, અનુશાસન વગેરે શારીરિક તેમજ આર્યવીર દળનો પરિચય, ઉદ્દેશ, જરૂરિયાત, ધ્વજ, આદર્શ આર્યવીર, ચરિત્ર નિર્માણ, દેશભ્કતિ, સ્વાસ્થ્ય રક્ષા તથા આર્યસમાજનો પરિચય વગેરે બૌદ્ધિક વિષયોનું સવિસ્તાર જ્ઞાન શિબિરાર્થીઓને આપવામાં આવ્યું હતું.

શિબિર દરમ્યાન વિષય નિષ્ણાંતને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી અરવિંદ રાણા (વિદ્યાર્થી જીવનમાં સફળતા કેમ મેળવી શકાય?), શ્રી ધનજીભાઈ પટેલ (હકારાત્મક દૃષ્ટિકોણ કેવી રીતે કેળવી શકાય?) ડૉ. વિવેક ભાવે (આરોગ્યના મુળભૂત સિદ્ધાંતો અને પોષક આહાર) મુખ્ય હતા. વિષય નિષ્ણાંત વિદ્વાનો સાથે પ્રશિક્ષણાર્થીઓએ પ્રશ્નોત્તર પણ કર્યા હતા.

નિયમિત બૌદ્ધિક પ્રશિક્ષક તરીકે સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુલ ભવાનીપુર કચ્છના આચાર્ય સ્વામી શાંતાનંદજી તથા શિબિરાધ્યક્ષ શ્રી હસમુખભાઈ પરમાર (ટંકારા) એ સેવા પ્રદાન કરી હતી. તેમજ શારીરિક પ્રશિક્ષક તરીકે સોમેન્દ્ર શાસ્ત્રી, સુવાસ શાસ્ત્રી, રામદયાલ આર્ય, સંજય આર્ય, વિરલ આર્ય, રવિરંજન આર્ય, ભીખુબેન આર્યા અને ગીતાબેન આર્યાએ સેવા પ્રદાન કરી હતી.

શિબિર દરમ્યાન આર્યવીરોને સંધ્યા અને યજ્ઞનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. આર્યવીરોને એક દિવસ ગાંધીનગર ભ્રમણ માટે પણ લઈ જવામાં આવ્યા હતા. જેમાં આર્યવીરોએ અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક, વિધાનસભા ગૃહ અને લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી.

શિબિરનો સમાપન કાર્યક્રમ સ્વામી શાંતાનંદજી સરસ્વતીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી સમશેરસિંહ -આઈપીએસ. ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આર્યવીરોને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, ધર્મ તે છે જે સત્ય તરફ લઈ જાય. પરંતુ સત્યના માર્ગે ચાલવું કઠિન છે. જેઓ સત્યના માર્ગે ચાલે છે તેઓને કોઈ ભય સતાવતો નથી. આર્યવીરોએ સત્યના માર્ગે ચાલવાનું વ્રત લેવું જોઈએ. આર્યસમાજનો માર્ગ વેદમાર્ગ છે અને વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. શ્રી સમશેરસિંહે પોતાનું વક્તવ્ય આગળ વધારતા કહ્યું હતું કે, તમારે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા પણ શીખવું પડશે કારણ કે આજે કોમ્પ્યુટર આજના યુગનું શસ્ત્ર છે. તેઓએ જણાવ્યું હતું કે, આજે કોઈ એક સમાજ પોતાને અલગ રાખીને પ્રગતિ કરી શકે તેમ નથી. આથી સમાજના તમામ વર્ગોને જોડીને ચાલવું જોઈએ. આર્યવીરો સમાજના શ્રેષ્ઠ નાગરિક બને તેવી અંતમાં તેમણે શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે શ્રી છબીલભાઈ (ધારાસભ્યશ્રી, અબડાસા-કચ્છ)એ પણ આમંત્રણનો સ્વીકાર કરી અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અને આર્યવીરોનો ઉત્સાહ વધાર્યો હતો. તેઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આધુનિક ભારતના નિર્માતા મહર્ષિ દયાનંદ છે. દેશને આઝાદી અપાવવામાં તેમના અનુયાયીઓ- આર્યસમાજીઓનો સવિશેષ ફાળો રહ્યો છે.

પરંતુ વિડંબણા એ રહી કે આઝાદી મળ્યા બાદ દેશના કર્ણધારોએ મહર્ષિ દયાનંદ સરસ્વતી અને આર્યસમાજના પ્રદાનને એક તરફ ધકેલી દીધું અને મોટો અન્યાય કર્યો. સ્વામી વિવેકાનંદ કરતાં ઘણાં ઉચ્ચ સ્થાનના અધિકારી મહર્ષિ




દયાનંદ છે. શ્રી છબીલભાઈએ આર્યવીરોને મહર્ષિ દયાનંદ અને આર્યસમાજની વિચારધારાને આગળ વધારવા આહવાન કર્યું હતું તેમજ આગામી પ્રશિક્ષણ શિબિર કચ્છમાં યોજવાનું આમંત્રણ પાઠવ્યું હતું જેમાં પોતાના તરફથી બનતી મદદ કરવાની ખાત્રી આપી હતી.

સમાપન કાર્યક્રમમાં સુશ્રી દમયન્તીબેન બારોટ (ડેપ્યુટી કલેક્ટર- હિંમતનગર) પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને આર્યવીરોની બુદ્ધિમતાની પ્રશંસા કરી હતી. તેઓએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આર્યવીરોનો તરવરાટ જોઅ મને ખુશી થાય છે. જે તેમની પ્રગતિમાં પ્રાણ પુરનાર છે. પોતાનું વક્તવ્ય આગળ વધારતાં તેમણે કહ્યું હતું કે, ટંકારા ખાતે મામલતદાર તરીકેની મારી ફરજ દરમ્યાન મને આર્યસમાજનો પરિચય થયો હતો. અને આજે હું એ જિલ્લામાં ફરજ બજાવું છુ કે જ્યાં રોજડ ખાતે દર્શન યોગ મહાવિદ્યાલય અને વાનપ્રસ્થ સાધક આશ્રમ આવેલા છે જેનો મને લાભ મળે છે. મારા માટે આ ગૌરવની વાત છે.

આ પ્રસંગે આર્યવીરોને તેમની સફળતાની કદર સ્વરૂપે મેડલ, પુસ્તકો અને પ્રમાણપત્રો ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આર્યવીરોને પ્રોત્સાહનરૂપે દર્શનયોગ મહાવિદ્યાલય-રોજડ તરફથી પુસ્તકો તેમજ પૂ. સ્વામી સત્યપતિજીનો વિદ્યાર્થીઓનેં સંદેશ ભેંટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

બંને શ્રેણીમાં જે આર્યવીરોએ ઉચ્ચસ્થાન મેળવ્યું હતું તેમની યાદી આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

यो બન્ધનવધક્લેશાન્પ્રાણિનાં ન ચિકીર્ષતિ ।
સ સર્વસ્ય હિતપ્રેપ્સુઃ સુખમત્યન્તમશ્નુતે ॥
मनुस्मृति ४६(८)

**જે વ્યક્તિ પ્રાણીઓને બંધનમાં નાખવાની, વધ કરવાની કે તેને પીડા પહોંચાડવાની ઈચ્છા નથી કરતો તે સર્વ પ્રાણીઓનો હિતૈષી છે અને બહુ જ સુખને પ્રાપ્ત કરે છે.**

## તંત્રી સ્થાનેથી....

# અન્નાએ આક્ષેપો મૂકીને ભ્રષ્ટાચારની લડાઈ લડી રહેલી આમ આદમી પાર્ટીને ચોક્કસ નુકસાન પહોંચાડ્યું છે

અન્ના હજારે દ્વારા તાજેતરમાં આમ આદમી પાર્ટી ઉપર પોતાના નામનો દૂરઉપયોગ કરવાનો અને આંદોલન દરમ્યાન એકઠા થયેલા પૈસાનો આમ આદમી પાર્ટી માટે ઉપયોગ કરવાનો ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે.

સમગ્ર દેશમાં ભ્રષ્ટાચાર વિરૂદ્ધની તેમની ચળવળને કારણે દેશવાસીઓમાં એક જાગૃતિ આવી હતી. તેમના ઉપવાસ આંદોલનમાં લાખો લોકો એકત્રીત થતા હતા. સરકાર દ્વારા તેમની માંગણી મૂજબનું જનલોકપાલ બિલ સંસદમાં મૂકવામાં આવ્યું નહિં અને આ આખી લડાઈને કોંગ્રેસે તેની મુત્સદીગીરીથી વિફળ બનાવી દીધી હતી. અન્નાના આંદોલન દરમ્યાન તેમની ટીમમાં અરવિંદ કેજરીવાલ સહિત અનેક લોકો જોડાયેલા હતા. અન્નાની આ લડાઈ નિષ્ફળ જતાં જ અન્નાની ટીમના વૈચારિક મતભેદ સામે આવી ગયા. અરવિંદ કેજરીવાલ અને તેના અમુક સાથીઓ દ્વારા આ લડાઈને રાજકીય રીતે લડવા માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી. અરવિંદ કેજરીવાલે આમ આદમી પાર્ટી ના નામથી એક રાજકીય પક્ષની સ્થાપના કરી અને અન્ના હજારે સાથે પક્ષની રચના બાદ દૂરી વધી ગઈ.

અન્નાના આંદોલન દરમ્યાન દેશ-વિદેશમાંથી અનેક લોકોએ પોતાનો આર્થિક સહયોગ પ્રદાન કર્યો હતો. અને આ આર્થિક સહયોગની તમામ રજેરજની માહિતી જે તે સમયે વેબ-સાઈટ ઉપર મૂકવામાં આવી હતી. એકત્રિત થયેલા કરોડો રૂપિયાના હિસાબો પણ જે તે વખતે વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ જ હતા. આ ફંડનો ઉપયોગ માત્ર જનલોકપાલ આંદોલન માટે જ કરવામાં આવતો હતો.

તાજેતરમાં અન્ના હજારે દ્વારા આ એકત્રિત થયેલા નાણાંનો હિસાબ માંગવામાં આવી રહ્યો છે. ચૂંટણી નજીકમાં હોવાથી આ પ્રકારના આક્ષેપોથી ભ્રષ્ટાચાર વિરૂદ્ધની લડતમાં ચોક્કસ ફેર પડશે. દિલ્લીની જનતા આમ આદમી પાર્ટીના નેતા ઉપર થયેલા આક્ષેપોને કારણે અવઢવમાં આવી ગઈ છે. અન્ના હજારે જેવા વરિષ્ઠ અને પાકટ જનનેતા દ્વારા ભ્રષ્ટાચારની લડાઈ નબળી પડે તે પ્રકારના નિવેદનો અને પ્રતિક્રિયાઓ આપવાનું ચૂંટણી સૂધી ટાળવું જોઈએ. અન્ના હજારે આ હિસાબો ચૂંટણી પછી પણ માંગી શક્યા હોત પરંતુ તેમણે આ સમય શા માટે પસંદ કર્યો તે તો તે જ કહી શકે. તેમણે આ આક્ષેપો મૂકીને ભ્રષ્ટાચારની લડાઈ લડી રહેલી આમ આદમી પાર્ટીને ચોક્કસ નુકસાન પહોંચાડ્યું છે તેમા કોઈ સંદેહ નથી.

# ખરાબીઓ-ઉણપો હોવા છતાં આપણો સંબંધ દેવો સાથે હોઈ શકે છે પરંતુ પરમાત્મદેવ સાથે નહીં

## વેદવાણી

**- અવધેશપ્રસાદ પાંડેય ( ગાંધીનગર)**

**देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्यां पूष्णो हस्ताभ्याम् ।
अग्नये जुष्टं गृह्णाम्यग्नीषोमाभ्यां जुष्टं गृह्णामि ॥१०॥**

અર્થ :- सवितुः = સમસ્ત જગતને ઉત્પન્ન કરનાર પરમેશ્વરની, देवस्य = સંસારના પ્રકાશક તેમજ સમસ્ત સુખના દાતા પરમેશ્વરની, प्रसवे = ઉત્પન્ન થયેલ સૃષ્ટિમાં, अश्विनोः = સૂર્ય અને ચંદ્રમાના, बाहुभ्यां = બળ અને વીર્યથી, पूष्णः = પુષ્ટિવર્ધક પ્રાણના, हस्ताभ्याम् = ગ્રહણ અને ત્યાગથી, अग्नये = અગ્નિવિદ્યાની સિદ્ધિ કરવા માટે, जुष्टम् = ભણનારો જે વિદ્યાની સેવા કરે છે, त्वा = તે તારો, गृह्णामि = સ્વીકાર કરું છું. अग्निषोमाभ्यां = અગ્નિ અને જળથી વિદ્યા માટે, जुष्टम् = વિદ્વાનોએ જે કર્મને ઈચ્છયું છે તેના ફળનો, गृह्णामि = સ્વીકાર કરું છું.

વ્યાખ્યા :- સકલમાન સૃષ્ટિનો રચયિતા ઈશ્વર છે. ઈશ્વર સૃષ્ટિકર્તા હોવાથી તેનું નામ સવિતા છે. ઈશ્વર ફક્ત સૃષ્ટિકર્તા જ નથી, પરંતુ ઉત્પન્ન સૃષ્ટિના પ્રકાશક પણ છે. સૃષ્ટિના પ્રકાશક હોવાના કારણે ઈશ્વરને દેવ કહેવાય છે. દાન કરનારનું નામ પણ દેવ છે.(देवो दानाद् वा) તે સંસારના પદાર્થો જીવાત્મા માટે પ્રસ્તુત કરે છે. જીવાત્માઓ માટે તેઓના કર્મનું ફળ આપે છે, વેદજ્ઞાન આપે છે, મોક્ષાનંદ આપે છે. દેનારને કારણે તે દેવ છે. તે દેવ છે કારણ કે સદાય આપતો રહે છે. તે દેવતાઓનો પણ પ્રકાશક છે. આથી દેવાધિદેવ = પરમદેવ છે. સૂર્યનું બળ અને ચંદ્રમાનું વીર્ય ઈશ્વરીય સૃષ્ટિના બાહુ = બે હાથ છે. સૂર્યના બળ દ્વારા = આકર્ષણ બળ દ્વારા તથા ચદ્રમાનું વીર્ય = શક્તિ દ્વારા નિર્માણ અને શક્તિસંચાર સંસારમાં નિરંતર થઈ રહ્યું છે. શરીરમાં પ્રાણ અને અપાનના ગ્રહણ - ત્યાગ દ્વારા બળ તેમજ સંચારમાં વૃદ્ધિ થતી રહે છે. ભૌતિક સૃષ્ટિમાં અગ્નિ તેમજ જળ દ્વારા ગતિ થાય છે. દ્યુલોકમાં મિથુન = સૂર્ય અને ચંદ્રની જોડી દ્વારા સંસારની ગતિ થાય છે. અધ્યાત્મલોકમાં પ્રાણ-અપાન દ્વારા ગતિ થાય છે, આધિભૌતિક ક્ષેત્રમાં અગ્નિ તેમજ સોમ=જળથી ગતિ સિદ્ધ થાય છે. અહીં જળનો અર્થ કેવળ પાણી નથી, પરંતુ બધા દેવાત્મક તત્વ છે.

અગ્નિહોત્રાદિ કરવાનું પ્રયોજન કેવળ આધ્યાત્મિક નથી, કેવળ ભૌતિક પણ નથી, પરંતુ આધ્યાત્મિક અને ભૌતિક બંને છે. આથી જ અગ્નિહોત્રાદિ કર્મ કરવો માનવનો ધર્મ બની રહે છે. વૈશેષિકકાર ઋષિ કણાદે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે - ‘यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः’= જેનાથી અભ્યુદય=સાંસારિક જીવન તથા નિઃશ્રેયસ=મોક્ષની સિદ્ધિ થાય તેને જ ધર્મ સમજવો જોઈએ. ઈશ્વરની પ્રાપ્તિ માનવજીવનનું પરમલક્ષ છે અને ભૌતિક ઉન્નતિ સામાન્ય લક્ષ છે. સામાન્ય લક્ષોની પૂર્તિ કરતા પરમલક્ષ તરફ આગળ વધવું જોઈએ. સામાન્ય લક્ષથી પરમલક્ષમાં વિઘ્ન આવવું ન જોઈએ. પૃથ્વીની ગતિને ઉદાહરણરુપમાં લઈએ તો પૃથ્વીનું સામાન્ય લક્ષ દિવસ-રાત્રિને ઉત્પન્ન કરવાનું છે આથી તે ભ્રમણ કરે છે. આ તેની દૈનિક ગતિ છે. પૃથ્વીની દૈનિક ગતિ કદી તેની વાર્ષિક ગતિમાં બાધક નથી, બલ્કિ સાધક છે. ભિન્ન ભિન્ન ઋતુઓની ઉત્પત્તિ ભૂમિની વાર્ષિક ગતિના કારણે છે. બસ આ જ પ્રકારે અગ્નિહોત્રાદિ યજ્ઞ ભૌતિક ઉન્નતિનું સાધન તો છે જ, પરંતુ તે આધ્યાત્મિક ઉન્નતિનું પણ સાધન છે અને હોવું પણ જોઈએ. કેવળ ભૌતિક ઉન્નતિ માટે અગ્નિહોત્ર આદિને સાધન માનવું નાસ્તિકતા છે. કારણ કે અહીં અગ્નિહોત્રાદિનો ધર્મ નષ્ટ થઈ જાય છે. ધર્મત્વ નષ્ટ થઈ જવાથી તે શુષ્ક-સૂકી લાકડી સમાન રહી જાય છે. આથી અગ્નિહોત્રાદિને ઈશ્વરીય ઉપાસનાનું સાધન માની શ્રદ્ધાભાવથી કરવા જોઈએ.

ઈશ્વરે સૃષ્ટિમાં અગ્નિવિદ્યાનો આવિષ્કાર કર્યો. અગ્નિ અને સોમથી સૃષ્ટિયજ્ઞ નિર્બાધરુપે ચાલતો રહે છે. અગ્નિની સ્થાપના પહેલા થાય છે અને પછી જળની. યજ્ઞવેદીમાં અગ્નિસ્થાપન પહેલા થાય છે પરિણામે પ્રાણદાન દ્વારા તેની વિવૃદ્ધિ કરીએ છીએ અને ત્યારબાદ જળપ્રોક્ષણ દ્વારા જલસ્થાપન કરીએ છીએ. ઉત્તરદિશા અગ્નિનું અને દક્ષિણ દિશા સોમનું સ્થાન છે. યજમાન = અગ્નિ ઉત્તર દિશામાં = વામ બાજુએ બેસે છે અને સ્ત્રીને દક્ષિણ દિશામાં બેસાડવામાં આવે છે. પુરુષ અગ્નિ છે તો સ્ત્રી સોમ છે. પુરુષ અગ્નિ સમાન કઠોર,તીવ્ર અને ઉગ્ર છે તો સ્ત્રી સોમ સમાન કોમળ, શાંત, મંદ અને સરળ છે. સ્ત્રી-પુરુષના મૈથુન્ય = એકતાથી ગૃહસ્થાશ્રમમાં સંતાન = પ્રજા તથા ઈન્દ્રત્વ = ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. આથી જ અગ્નિહોત્રીય આધારાવાજ્યભાગાહુતિમાં અગ્નયે સ્વાહા બોલી પહેલા ઉત્તર દિશામાં,સોમાય સ્વાહા બોલી દક્ષિણ દિશામાં બંને આહુતિ આપ્યા પછી બાકીની બે આહુતિ પ્રજાપતયે સ્વાહા, ઈન્દ્રાય સ્વાહા બોલી વચમાં આપવામાં આવે છે. ઋષિઓએ ઈશ્વરીયસૃષ્ટિને સમજાવવા માટે કેટલી ઉદાત્ત ભાવના આપણી સમક્ષ પ્રસ્તુત કરી છે.

ઈશ્વર સૃષ્ટિયજ્ઞનો કર્તા અને સંચાલક બંને છે. પરંતુ માનવ બે પ્રકારના છે. એક પ્રકાર એવો છે કે સૃષ્ટિને બનાવનાર અને સંચાલક ઈશ્વર બંને છે.પરંતુ અધિકાંશ જનતા એવી છે કે તે કશું બનાવતી નથી પરંતુ બન્યુ-બનાવેલને ચલાવનાર છે. બનાવવાની તથા ચલાવવાની શક્તિ = સામર્થ્ય જેમાં છે તેને આપણે ‘પિતર’ શબ્દથી બોલાવીએ છીએ. તેના માટે કેવળ ચલાવનાર પુત્રની સમાન છે. ઈશ્વર જેમ પ્રજાઓ માટે સૃષ્ટિ બનાવે છે તેમ પિતર પણ અગ્નિવિદ્યાને જાણી વાહન આદિનું નિર્માણ કરે છે. તે વાહનયાન આદિના આવિષ્કર્તા છે. જેમાં આ પ્રકારના આવિષ્કાર કરવાનું સામર્થ્ય નથી તે સાધનોને ખરીદી તેનાથી લાભાન્વિત થાય છે.

પ્રસ્તુત મંત્રનો આ જ સાર છે. ‘अग्नये जुष्टं गृह्णामि’ = અગ્નિવિદ્યાને જાણી તે વિદ્યાને ક્રિયાન્વિત કરવાનું જે કર્મ છે તે કર્મને હું ગ્રહણ કરું છું. ‘अग्नीषोमाभ्यां जुष्टं गृह्णामि’ = અગ્નિ અને જળથી વિદ્વાન લોકો જે કાર્યને કરવા ઈચ્છે છે તે ક્રિયાના ફળને = લાભને હું ગ્રહણ કરું છું.

પ્રાણના ત્યાગ અને ગ્રહણથી પરમાત્મકૃત શરીરની ગતિ = જીવનગતિ નિર્બાધ થતી રહે છે. તે જ રીતે પ્રાણના ત્યાગ અને ગ્રહણથી યાનોની ગતિ થતી રહે છે. પેટ્રોલથી ચાલનારી, ગેસથી ચાલનારી તેમજ પાણીથી ચાલનારી અથવા કોલસાથી ચાલનારી બધી ગાડીઓની આ જ રીત છે. સર્વત્ર અગ્નિ અને સોમની આવશ્યકતા છે.

**અધ્યાત્મ પ્રકરણમાં અગ્નિવિદ્યાનો સંબંધ પરમેશ્વર સાથે છે. પરમેશ્વરની પ્રાપ્તિ માનવજીવનનું પરમ લક્ષ્ય હોવાથી તથા ધર્માનુષ્ઠાનનું લક્ષ પણ પરમેશ્વર પ્રાપ્તિ હોવાના કારણે આની ઉપેક્ષા કોઈપણ પ્રકરણમાં કરી શકાય નહિં.**

અધ્યાત્મ પ્રકરણમાં અગ્નિવિદ્યાનો સંબંધ પરેમશ્વર સાથે છે. પરમેશ્વરની પ્રાપ્તિ માનવજીવનનું પરમ લક્ષ હોવાથી તથા ધર્માનુષ્ઠાનનું લક્ષ પણ પરમેશ્વરપ્રાપ્તિ હોવાના કારણે આની ઉપેક્ષા કોઈપણ પ્રકરણમાં કરી શકાય નહિ. શતપથના દર્શપૌર્ણમાસેષ્ટિ પ્રકરણમાં આ મંત્રનો વિનિયોગ, ચોખા ગ્રહણ કરવાના પ્રકરણમાં કરવામાં આવેલ છે. અત્રે સવિતા શબ્દનો પ્રેરક અર્થ પ્રયુક્ત થયેલ છે.‘षू-प्रेरणे’ ૧૧(तुदा.११७) ધાતુથી અહીં આની નિષ્પત્તિ માનવામાં આવી છે. પરમેશ્વર સવિતા છે કારણ કે તે દેવોનો પ્રેરક છે. બંને અધ્વર્યુ અહીં અશ્વિન છે. અહીં અશ્વિનના બંને હાથોથી ગ્રહણ કરી પૂષા દ્વારા વિતરિત કરવામાં આવે છે. પૂષા વિતરિત કરનારનું નામ છે. ગ્રહણ અને ત્યાગ અધ્વર્યુના હાથથી શા માટે થાય છે? યજમાનના હાથથી કેમ નહિ? અધ્વર્યુ દેવ છે અને યજમાન મનુષ્ય છે. દેવ સત્ય છે અને મનુષ્ય જુઠો છે. અસત્યાચરણ કરનારો મનુષ્ય કદી ન્યાયપૂર્ણતાથી ગ્રહણ અને ત્યાગ કરી શકતો નથી. આથી કર્મકાંડમાં પુરોહિત=દેવ હોવો જોઈએ. યજમાને તેના નિર્દેશનું યથાવત્ પાલન કરવું જોઈએ. પુરોહિતના કાર્મિકત્વમાં યજમાન પોતાની પશુતાનો=જુઠ્ઠાપણાનો ત્યાગકરી દેવ બને છે. મનુષ્ય સ્વયં દેવ નથી બનતો, તેના માટે દેવનો સંગ આવશ્યક છે. આથી જ કર્મકાંડમાં પુરોહિતનું હોવું અનિવાર્ય છે. મનુષ્ય માટે પુરોહિત=દેવ પ્રેરક છે, દેવો માટે પરમાત્મા પ્રેરક છે. આથી અહીં સવિતાનો અર્થ પ્રેરક કરવામાં આવેલ છે.

અધ્યાત્મમાં=શરીરમાં આ અશ્વિન પ્રાણ તથા અપાન છે. પ્રાણોપાનોની ક્રમપૂર્વક ગતિ જયાં સુધી બની રહે છે ત્યાં સુધી વ્યક્તિ જીવિત કહેવાય છે. પૂષા શરીરમાં પ્રાણ છે કારણ કે તે વિતરિત કરનારો છે. પ્રાણ, અપાન, ઉદાન, સમાન તથા વ્યાન નામથી પ્રાણશક્તિ પંચ્ચધા વિભક્ત થઈ કામ કરે છે તેથી શરીરની વ્યવસ્થા વ્યવસ્થિત ચાલે છે.આથી પ્રાણ-અપાન એમ બે અશ્વિન તથા પૂષા પ્રાણ આપણા પ્રેરક દેવ છે. આની પ્રેરણાથી શારીરિક ક્રિયાઓ નિરંતર ચાલતી રહે છે. પરમાત્મા આ દેવોનો પણ પ્રેરક છે. પરમાત્માની પ્રેરણાથી જ આ બધા દેવ કાર્યરત રહે છે. આથી પરમાત્માને પ્રાણોનો પણ પ્રાણ ‘પ્રાણેશ્વર’ કહ્યો છે અને દેવોનો પણ દેવ ‘મહાદેવ-દેવાધિદેવ’ કહેવામાં આવે છે. તૈત્તિરીયોપનિષદ્ કહે છે ‘को ह्येवान्यात् कः प्राण्याद् यवेष आकाश आनन्दो न स्यात्’ (तै.उ.२/७)’ =બુદ્ધિરુપી ગુહામાં આકાશ નામવાળો આ આનંદસ્વરુપ વિદ્યમાન ન હોય તો કોણ શ્વાસ લઈ શકે છે, કોણ શ્વાસ છોડી શકે છે અર્થાત્ પરમાત્મા પ્રાણોનો પણ પ્રાણ છે.

ખરાબીઓ-ઉણપો હોવા છતાં આપણો સંબંધ દેવો સાથે હોઈ શકે છે પરંતુ પરમાત્મદેવ સાથે નહીં. દેવોનો સંબંધ પરમાત્મા સાથે છે. મનુષ્ય જો પરમાત્મા સાથે સંબંધ બનાવવા ઈચ્છે છે તો તે માટે કેવળ એક માર્ગ છે કે તે પોતાના દાનવનો ત્યાગ કરી દેવત્વ પ્રાપ્ત કરે. આથી અગ્નિનું ચયન આપણા હૃદયરુપી કુંડમાં ઋત્વિકો=દેવો દ્વારા કરાવવું જરુરીછે. અગ્નિના ચયનથી ભૌતિકાગ્નિવિદ્યા આપણને પ્રાપ્ત થશે, આધ્યાત્મિક અગ્નિવિદ્યા પણ પ્રાપ્ત થશે. આથી અગ્નિચયન આપણો ધર્મ છે.

# શિયાળાની ઋતુમાં શું શું કરશો?

## આયુર્વેદ અને આરોગ્ય

**વાનપ્રસ્થી દયાળમુની - આયુર્વેદાચાર્ય**

**➤ આપણે ત્યાં શિયાળામાં અડદીયા જેવો પૌષ્ટિક આહાર લેવાનો રિવાજ છે. કારણ કે જઠરાગ્નિ તેજ હોવાથી ભારે ખોરાક સરળતાથી પચી જાય છે.**

ભારત ભાગ્યશાળી દેશ છે કારણ કે જેમ આ ભૂમિ ઋષિઓ, મુનિઓ, સંતો અને મહાત્માઓની ભૂમિ છે, હિમાલય જેવા પર્વતો અને ગંગા જેવી પવિત્ર નદીઓ આવેલી છે. તેની સાથે આ દેશમાં ત્રણેય ઋતુઓ પણ અનુભવાય છે અને એ ઋતુ પ્રમાણે જીવવાનું આયુર્વેદના ઋષિઓ આપણને બતાવીને તંદુરસ્તી સાથે સુખી જીવનની ચાવીઓ બતાવે છે.

**હેમંત ઋતુ :** આપણે ત્યાં શિયાળાના ચાર મહિના કારતકથી મહા સુધી માનવામાં આવે છે. પરંતુ ખરી ઠંડી તો માગસર અને પોષમાં હોય છે. આને હેમંત ઋતુથી પણ ઓળખવામાં આવે છે, આ માગસર અને પોષમાં પણ માગસર મહિનો ચઢિયાતો છે. ખુદ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં માગસરની શ્રેષ્ઠતા બતાવતા કહ્યું છે કે “મહિનાઓમાં માગસર મહિનો હું છું.”

**હેમંતની અસર :** આ ઋતુમાં ઠંડી ખૂબ પડે છે, દિવસ નાનો બને છે. સૂર્યના કિરણો ત્રાસા થતા હોવાથી તાપ બરાબર લાગતો નથી. નવા ધાન્યો અને ફળો પૂર્ણ રસમાં જોવા મળે છે.

આ ઋતુમાં ઠંડી લાગવાથી ચામડીના રૂવાટાં સંકોચાઈ જાય છે અને શરીરની ગરમી બધી અંદર જાય છે. જેથી જઠરાગ્નિ રૂંધાઈને બળવાન બને છે. આથી માણસને ભૂખ સારી રીતે લાગે છે. જેથી આપણે ત્યાં અડદીયા જેવો પૌષ્ટિક આહાર લેવાનો રિવાજ છે કારણ કે જઠરાગ્નિ તેજ હોવાથી ભારે ખોરાક પચે છે.

**હેમંતમાં ખોરાક :** આ ઋતુમાં ચીકણા, ખાટા અને ખારા લેવાનો ઉલ્લેખ કરેલ છે. એટલે કે ઘઉં, ગોળ, દૂધ, ઘી અને ચોખા જેવા ચીકણાં, આમળાં, લીંબુ જેવા ખાટા અને સિંધવ, સંચળ જેવા ખારા રસોનો ઉપયોગ કરવાથી અને પૌષ્ટિક આહાર લેવાથી જઠરાગ્નિ દ્વારા પચીને શરીરની પુષ્ટિ કરે છે અને બળ વધારે છે. તેથી શરીરમાં ઉત્સાહ, આનંદ, ધૈર્ય અને ક્રાન્તિ વધે છે. આ ઋતુમાં ઘી, તેલ જેવા ચીકણા, ઘઉં, સાઠીચોખા, અડદની દાળ, મેથીની ભાજી, રીંગણા, ડુંગળી, લીલું લસણ, ફુદીનો, અજમો, જીરું અને મરી જેવા મસાલાનો ઉપયોગ કરવો. આદુની કાતરી મીઠાં સાથે લેવી. જેમ ગામડામાં કહેવત છે કે શિયાળાનું “છાણું અને જુવાનીનું નાણુ” કામ આવે છે. એમ શિયાળાનું ખાણુ પણ બાર મહીનાની પોયણી પૂરે છે.

**શિયાળામાં શું કરશો ?**

દરરોજ શરીરે માલીસ કરવાથી ચામડી ફાટતી નથી અને સ્ફુર્તિ રહે છે માલીસ માટે બલાતેલ અથવા ધાન્તવન્તર તેલ બલદાયક છે. સમયની અનુકૂળતા મુજબ આ ઋતુમાં માલીશ પછી સૂર્ય સ્નાન એટલે કે તેના કિરણોનું સેવન કરવું.

ચ્યવનપ્રાશ જેવા પૌષ્ટિક ચાટણોનો ઉપયોગ કરવો. અશ્વગંધા, શતાવારી અને સાલમ જેવા ઔષધોનું સેવન કરવું.

ખોરાકમાં પૌષ્ટિક ઘી, દૂધ જેવા પદાર્થોનું શક્તિ અને સ્થિતિ પ્રમાણે સેવન કરવું. ગુંદર, તજ, એલચી નાંખીને બનાવેલો સુંઠનો પાક ખાવો. દરરોજ ત્રણ-ચાર આમળાંનું સેવન કરો. જઠરાગ્નિ વધુ તેજ બનીને સારી રીતે પચાવે માટે ઘઉંનો લોટ, ઘી, ગોળ અને સુંઠનો પાક ખાવો.

શરીરની શક્તિ પ્રમાણે વ્યાયામ કરવો. ગરમ પાણીથી સ્નાન કરી તાજગી અને સ્ફુર્તિ પ્રાપ્ત કરો. ગરમ અથવા જાડા કપડાં દ્વારા ઠંડીથી શરીરનું રક્ષણ કરવું.

શાકમાં રીંગણા, પાલખ, મેથી, તાંદળજો, કુણાં મુળા, દૂધી, મોગરી, આદુ, લસણ, ડુંગળી વગેરેનો ઉપયોગ કરો. માટીના ગોળાનું પાણી અથવા ઠંડી વસ્તુઓનું સેવન ન કરો. ઠંડા પવનનું સેવન ન કરો. માથું અને છાતીની ઠંડીથી રક્ષા કરો.

# ભારતના લોકોએ મટકી ફોડ-ફોડ કરીને સ્વયંના ભાગ્યને જ ફોડી નાંખ્યું છે : ચંદ્રેશ આર્ય



## ચંદ્રેશ ચિંતન

**- ચંદ્રેશ આર્ય - ગાંધીધામ (૪)**

છતાં એ વાત નિશ્ચિત છે કે તે બહેન હવે પોકાર પરિવાર સાથેના સંબંધો વધુ પલ્લવીત કરશે અને સમયાંતરે તે બહેનને વૈદિક જ્ઞાન-વિજ્ઞાનનો યથાયોગ્ય લાભ મળશે. પોકાર પરિવારના શ્રી અરવિંદભાઈ પોકારે પણ મને પૂછ્યું કે આ બહેનને આપણે કેવી રીતે મદદ કરી શકીએ ? મે કહ્યું કે જે તે સમયે, જે પ્રમાણે, જેવા-જેવા પ્રકારની જરૂરિયાતોની આપણને અનુભૂતિ થાય ત્યારે-ત્યારે તે પ્રમાણે યથાશક્તિ મદદ કરવી આપણી ફરજ છે. તેઓ મારી સાથે સહમત થાતં મેં તે બહેનને વિદાય પહેલાં કહ્યું કે આ અરવિંદભાઈ પણ મારા જેવા તમારા જ ભાઈ છે. જ્યારે જ્યારે જે કંઈ પ્રકારની મદદની જરૂર હોય તે પ્રમાણે એમને જણાવજો. તમે એમને કહેશો એ બધું મને કહેવા બરાબર છે. હું તમારી ભલામણ આ વૈદિક પરિવારને કરતો જાઉ છું કારણ કે હું તો અહીં કાયમ રહેતો નથી. આ લોકો અહીં કાયમ રહે છે માટે તમને મદદરૂપ થશે.

બરાબર મોડી રાત્રે ૧૨ વાગ્યે ગાડી બોરીવલી રેલ્વે સ્ટેશન જવા રવાની થઈ ત્યારે રસ્તામાં અનેક મોટા મટકી ફોડના મંડપો જોવા મળ્યા. જેમાં મોટા મોટા હોર્ડીંગ્સોમાં મટકી ફોડના રૂપિયા લાખોમાં લખેલા હતા. સાંભળવા મળ્યું છે કે મુંબઈમાં સૌથી મોટી મટકી ફોડ કાર્યક્રમમાં મટકી ફોડના પાંચ કરોડ રૂપિયા

છે. દર વર્ષે કૃષ્ણ જન્માષ્ટમીના જન્મ લે છે. અને પછી ક્યાં ચાલ્યા જાય છે ખબર નથી પડતી. ભારતના લોકોએ મટકી ફોડ-ફોડ કરીને સ્વયંના ભાગ્યને જ ફોડી નાંખ્યું છે. ત્યારે કૃષ્ણ અવતારની રાહ જોતા લોકો દેવકી જેવી માંનું નિર્માણ અને દેવત્વ નારીઓમાં ક્યારે ઉભું કરી શકશે ? કૃષ્ણ પણ બિચારા રાહ જોતા હશે....

જન્મે તો જન્મે કહાં...?

મટકી ફોડના રૂપિયાઓના બોર્ડ વાંચી વિચાર આવ્યો કે..

‘તક્તી લાગે તે માટે કરેલા દાન કરતાં

કોઈ દુઃખી વ્યક્તિના જીવનની તકદીર બદલી નાંખે તેવું દાન વધારે સાર્થક છે.’



વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# મહર્ષિ દયાનંદે અસત્ય વિરૂદ્ધ આવું કડક વલણ શા માટે અપનાવ્યું અને ક્યા અધિકારથી અપનાવ્યું એ વિષે પણ વિચાર કરવો ખૂબ જરૂરી છે




### શાસ્ત્રાર્થ : શંકા-સમાધાન

"અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ" - આર્યસમાજનો આ નિયમ બે સ્તર પર લાગુ પડે છે. એક સ્તર છે અક્ષરજ્ઞાન સંબંધી, જેની અંતર્ગત ગુરુકુળો, સ્કૂલો અને કોલેજોના માધ્યમથી વધુ ને વધુ લોકોને શિક્ષણ આપવામાં આવે છે, જેથી કોઈ અભણ ન રહે. બીજું સ્તર છે આધ્યાત્મિક જ્ઞાન સંબંધી. આ જ્ઞાનની પ્રાપ્તિ અને તેનો પ્રચાર-પ્રસાર ગ્રથોના સ્વાધ્યાયથી તેમ જ વિદ્વાનોના સત્સંગથી થાય છે. વિદ્વાનોના ચિંતનની પદ્ધતિથી અથવા સામાન્ય શ્રોતાઓ કે સ્વાધ્યાય કરતી વ્યક્તિઓને વિવિધ પ્રકારે પ્રાપ્ત થતી જાણકારીઓથી જે કંઈ થોડોઘણો વિરોધાભાસ ઊભો થઈ જાય છે, તે બધાનો ઈલાજ છે : શંકા-સમાધાન અને શાસ્ત્રાર્થ.

આર્યસમાજ ઈચ્છે છે કે શંકા-સમાધાન અને શાસ્ત્રાર્થની આ પરંપરા ચાલુ જ રહેવી જોઈએ. સત્યના જિજ્ઞાસુઓને આવું ગમે પણ છે, પરંતુ પક્ષપાતી અને મતાગ્રહી મનુષ્યોએ આ પ્રથાને વૈમનસ્યનું કારણ બતાવીને તેની ઉપેક્ષા કરી દીધી છે.

સાહિત્યના ક્ષેત્રમાં બધા જ વિચારશીલ લોકો સમાલોચનાના મહત્ત્વનો સ્વીકાર કરે છે. રાજનીતિના ક્ષેત્રમાં પણ સમાલોચના (સમ્યક્ + આલોચના) તેને શુદ્ધ બનાવે છે, શાસકને નિયંત્રિત રાખે છે. આ રીતે ધાર્મિક ક્ષેત્રમાં પણ સમાલોચનાનું મહત્ત્વ નિર્વિવાદ છે. શાસ્ત્રાર્થ અને શંકા-સમાધાનની પ્રાચીન વૈદિક પદ્ધતિ અપનાવવાથી જ ધાર્મિક માન્યતાઓનું પરિમાર્જન સંભવ છે.

### ખંડનમંડન

ઘણા લોકોની ફરિયાદ છે કે આર્યસમાજ ખંડનમંડન બહુ કરે છે. કેટલાક એવા પણ માણસો છે, જે આર્યસમાજની વાત સાંભળવાથી બચતા રહે છે. આનું કારણ ફક્ત એટલું જ છે કે તેમને ધર્મસંબંધી વાતોમાં કેમ ? શું ? કેવી રીતે ! વગેરે પ્રશ્નો સાંભળવા-જાણવામાં કોઈ જ રુચિ નથી હોતી. જ્યારે બીજી બાજુ આર્યસમાજનો તો જન્મ જ આ કેમ ? શું ? કેવી રીતે ? વગેરેની ખોજ કરવાના ઉદ્દેશ્યથી થયો છે. આર્યસમાજના દસ નિયમોમાં અડધાથી વધારે નિયમો જ એ પ્રકારના છે કે જેનું પાલન કરવાથી ખંડનમંડન પ્રક્રિયા સ્વતઃ બની જાય છે.

સ્વામી દયાનંદે અખત્યાર કરેલી ખંડનની પદ્ધતિ પર અનેક કહેવાતા વિદ્વાનોને પણ રોષ છે. પરંતુ જો આ વિદ્વાનો શાંતચિત્તે-નિષ્પક્ષભાવે મહર્ષિ દયાનંદના ગ્રંથોનું અધ્યયન કરશે તો તેમને આ ખંડનની પાછળ છુપાયેલી મહર્ષિની સહૃદયતા અને આત્મીયતાની ભાવનાનો અચૂક અનુભવ થશે. મહર્ષિએ સત્યાર્થપ્રકાશની ભૂમિકા અને અનુભૂમિકાઓમાં અનેક સ્થાને લખ્યું છે કે, "મારો અભિપ્રાય કોઈનું મન દુઃખાવવાનો નથી, પરંતુ ફક્ત સત્ય-અસત્યનો પ્રકાશ કરવાનો છે." તેમણે એમ પણ લખ્યું છે કે, "મારા લખાણને અવિદ્વાન લોકો તો અન્યથા જ લેશે, પરંતુ બુદ્ધિમાન લોકો તેનો આશય બરોબર રીતે સમજી શકશે." સત્યનું મંડન અને અસત્યનું ખંડન કરવાથી ઋષિને લોકો તરફથી કરવામાં આવતો દુર્વ્યવહાર સહન કરવો પડતો હતો. પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ તેઓ પોતાના ઉદ્દેશ્ય પર અડગ રહ્યા. મોટા મોટા મઠાધીશો અને રાજામહારાજાઓનાં પ્રલોભનો તેમને સત્યના માર્ગ પરથી વિચલિત કરી શક્યાં નહીં. તેમણે કરેલા ખંડનથી ખિન્ન થયેલા હિંદુઓએ જ્યારે તેમને રહેવાનું સ્થાન આપ્યું નહિ, ત્યારે તેઓ મુસ્લિમ બંધુઓના અતિથિ બનીને કૃતજ્ઞતા રૂપે ઈસ્લામ મતના જ દોષોની સમીક્ષા કરવા લાગ્યા.

મહર્ષિ દયાનંદે અસત્ય વિરૂદ્ધ આવું કડક વલણ શા માટે અપનાવ્યું અને ક્યા અધિકારથી અપનાવ્યું એ વિષે પણ વિચાર કરવો ખૂબ જરૂરી છે -

## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય (૧૪) અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

● તેમને પોતાના ગુરુવર સ્વામી વિરજાનંદ સરસ્વતીના આદેશનું પાલન કરવાનું હતું, જેના માટે તેમણે 'ગુરુદક્ષિણા' રૂપે સ્વજીવન અર્પિત કરી દીધું હતું.

● ઋષિ દયાનંદે લગભગ ત્રીસ વર્ષ સુધી ભારતનું પરિભ્રમણ કરીને અજ્ઞાન અને પાખંડની બોલબાલા પોતાની સગી આંખે જોઈ હતી. તેમણે લગભગ ત્રીસ હજાર જેટલા આર્ષ ગ્રંથોનું અધ્યયન કરીને પોતાનો જ્ઞાનભંડાર અગાધ કરી લીધો હતો.

● વિશ્વના તે સમયના લગભગ બે અબજ મનુષ્યો સામે એક કૌપીનધારી સંન્યાસી પોતાના પૂરા વિદ્યાબળ અને આત્મબળથી સિંહની જેમ ગર્જના કરતો હતો. જો તેમણે ગર્જના ન કરી હોત તો લોકો તેમને સાંભળ્યા વગર જ અન્ય સંતોની જેમ એક નવું પૃષ્ઠ આ નવા સંતનું પણ જોડી દેત કે એક સ્વામી દયાનંદ થઈ ગયા છે, જેમણે નિરાકાર ઈશ્વરની ઉપાસના પર ભાર મૂક્યો હતો. આનાથી વધારે કંઈ ન થઈ શક્યું હોત. જે ઉદાર હિંદુ જાતિ નિરીશ્વરવાદી બુદ્ધને પણ અવતાર માનીને ચૂપકી સાધી લે છે, એ જાતિ ભલા આસ્તિક દયાનંદની વાતો કાને ધરવાની તકલીફ પણ શા માટે ઉઠાવત ? આવા બધા સંજોગો વચ્ચે ઋષિ દયાનંદે જે ઉઘાડે છોગે ખંડન કર્યું છે, શાસ્ત્રાર્થો માટે પડકારો ફેંક્યા છે અને વિજ્ઞાપનો પ્રકાશિત કર્યા છે, એ બિલકુલ યુક્તિયુક્ત હતું.

● ઋષિ દયાનંદનો પક્ષ સત્ય પર આધારિત હતો. તેમનું કહેવું હતું કે જે લોકોએ વૈદિક ધર્મને ઊલટો કરી દીધો છે, હું એ લોકોની ઊલટી માન્યતાઓને ઊલટાવીને ફરી સુલટાવી રહ્યો છું. મહર્ષિ દયાનંદનું આ કાર્ય લોકોને ખંડનાત્મક લાગ્યું.

આર્યસમાજ તેના નિમયો અને ઋષિ દયાનંદના આદર્શો લઈને કાર્યક્ષેત્રમાં પ્રવૃત્ત છે. પરંતુ આજે આપણા આર્યોમાં પોતાની માન્યતાઓનું દૃઢતાપૂર્વક આચરણ શિથિલ પડ્યું હોવાથી આજે જે ખંડન કરવામાં આવે છે તે અપેક્ષિત પ્રભાવ ઉત્પન્ન કરી શકતું નથી. માટે આર્યસમાજીઓએ પ્રથમ પોતાના મંડન-પક્ષનો એટલે કે વિધેયાત્મક કાર્યક્રમોનો શ્રદ્ધાપૂર્વક અમલ કરીને બાદમાં અન્ય લોકોની અસત્ય માન્યતાઓના ખંડન માટે અધિકારપૂર્વક પ્રવૃત્ત થવાની જરૂર છે.

### મુર્તિપૂજા

ઈશ્વર નિરાકાર સત્તા હોવાથી તેની મૂર્તિ બની શકે નહીં. નિરાકાર ઈશ્વરની ભક્તિ કોઈ આકાર દ્વારા સિદ્ધ પણ થઈ શકતી નથી. આત્મા પણ નિરાકાર છે. મન આ નિરાકાર આત્માને ઈન્દ્રિયો દ્વારા રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, સુખ-દુઃખ વગેરેની અનુભૂતિ કારાવે છે. આવી જ રીતે નિરાકાર આત્મા જ નિરાકાર પ્રભુને પોતાના હૃદયમાં પોતાના સામર્થ્યથી ગ્રહણ કરે છે.

પરમાત્માનું સ્મરણ કરવા માટે પણ મનુષ્યરચિત મૂર્તિઓ કંઈ જ જરૂર નથી. કારણ કે આ સૃષ્ટિમાં કીડીથી લઈ હાથી પર્યંત, પાંદડાથી લઈ વટવૃક્ષ પર્યંત, રણની રેતીના સૂક્ષ્મ કણથી લઈ પર્વત પર્યંત તેમ જ પાણીના બુંદથી લઈ મહાન સમુદ્ર પર્યંતની પ્રત્યેક રચના પરમ પ્રભુના કર્તૃત્વનું દર્શન કરાવે છે. તેમ છતાં આ બધા પદાર્થો ઉપાસનાનું સ્થાન લઈ શકતા નથી. સૃષ્ટિની આવી વિવિધ રચનાઓ જોવાથી પ્રભુ પ્રત્યે ભક્તિ અને પ્રેમ ઉત્પન્ન થાય છે.

ઈશ્વર સર્વવ્યાપક હોવાથી મૂર્તિઓમાં પણ વ્યાપક છે, એ વાત સાચી છે, પરંતુ આ મૂર્તિઓમાં ભક્તનો આત્મા વ્યાપક ન હોવાથી મૂર્તિઓમાં પ્રભુમિલન થવું અસંભવ છે. પ્રભુનો સાક્ષાત્કાર તો ત્યાં જ થઈ શકે, જ્યાં આત્મા અને પરમાત્મા એટલે કે ભક્ત અને ભગવાન બંને વિદ્યમાન હોય. આવું સ્થાન કેવળ ભક્તનું હૃદયમંદિર જ છે. માટે સર્વવ્યાપી ઈશ્વરની મૂર્તિમાં રહેલી એ વ્યાપકતા આપણા હૃદયમાં બેઠેલા એકદેશી આત્મામાં સમાઈ શકતી નથી. માટે આપણા હૃદયમાં પહેલેથી જ વ્યાપક રહેલા ઈશ્વરનો સાક્ષાત્કાર શુદ્ધ અંતઃકરણ દ્વારા થઈ શકે છે.

વધુમાં એ પણ સમજવું જોઈએ કે આર્યસમાજ મૂર્તિપૂજાનો વિરોધી છે, મૂર્તિઓનો નહીં. આર્યસમાજની દૃષ્ટિએ આપણા મહાપુરુષો, આચાર્યો કે પૂર્વજોની મૂર્તિઓ રાખવામાં કોઈ વાંધો નથી. તેના દ્વારા ભાવિ સંતાનોને ઈતિહાસથી પરિચિત કરાવવાનો લાભ પણ રહેલો છે. પરંતુ મૂર્તિઓની ઉપયોગિતાની મર્યાદા અહીં પૂરી થાય છે. જડ હોવાથી તેની પૂજા-અર્ચના કરવાનું કોઈ જ ઔચિત્ય નથી. આમ આર્યસમાજ ભલે મૂર્તિપૂજક નથી, પરંતુ તે મૂર્તિભંજક પણ નથી. તેણે પોતાના ગૌરવમય ઈતિહાસમાં અનેક મંદિરો અને શિવાલયોનાં રક્ષણ માટે સંઘર્ષો પણ કર્યા છે.

**⇨ નિરાકાર આત્મા જ નિરાકાર પ્રભુને પોતાના હૃદયમાં પોતાના સામર્થ્યથી ગ્રહણ કરે છે.**

**⇨ ઈશ્વર સર્વવ્યાપક હોવાથી મૂર્તિઓમાં પણ વ્યાપક છે, એ વાત સાચી છે, પરંતુ આ મૂર્તિઓમાં ભક્તનો આત્મા વ્યાપક ન હોવાથી મૂર્તિઓમાં પ્રભુમિલન થવું અસંભવ છે.**

પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે મૂર્તિપુજાના બહાને આજીવિકા ચલાવનારા કહેવાતા ભક્તોએ એવાં એવાં કાલ્પનિક અને બીભત્સ ચિત્રોની પૂજા ફેલાવી રાખી છે કે, જે ચિત્રો કોઈપણ પ્રકારે ઈશ્વરના ગુણો તો દૂર રહ્યા, માનવીય ગુણો સાથે પણ બંધબેસતાં નથી. આવાં ચિત્રોની પૂજા મનુષ્યોના હૃદયમાં ઘોર અજ્ઞાન અને અંધકાર ઉત્પન્ન કરે છે. મૂર્તિપૂજાની ચિત્ર-પ્રણાલી અને તેની જે વિવિધ પ્રકારે પૂજા-અર્ચના કરવામાં આવે છે તે પર થોડોક વિવેકબુદ્ધિપૂર્વક વિચાર કરવાથી મૂર્તિપૂજાની નિસ્સારતા અને તેના દ્વારા માનવજાતિનું જે ઘોર અહિત થયું છે તે સારી રીતે સમજી શકાય છે. ભારતના ઘોર પતનનું કારણ જ મુખ્યરૂપે મૂર્તિ અને મંદિરોના નામે ભારતીય સમાજની તમામ શક્તિઓનો થયેલ દુર્વ્યય છે. **(ક્રમશઃ)**

# અમારી માતૃભૂમિ પર અપવિત્ર પગ મૂકનારાઓની હત્યા કરવી ન્યાયોચિત છે : મદનલાલ ધીંગરા

વાયલી નામની વ્યક્તિ ઈંગ્લેન્ડના રાજ્યમાં સચિવના પદ પર નિયુક્ત હતો તથા ભારતમાં ક્રાંતિકારીઓને ફાંસીની સજા અપાવવામાં પણ તેનો મુખ્ય હાથ હતો. વીર સાવરકરને આ વાત ઘણી ખટકતી હતી. તે વ્યક્તિ સાથે બદલો લેવા માટે તેઓ કોઈ વ્યક્તિને તૈયાર કરવા ઈચ્છતા હતા. તે વખતે મદનલાલ ધીંગરા ઘણા નાજુક નવયુવાન હતા તથા જ્યારે તેમણે સ્વયંને કર્જન વાયલીની હત્યા કરવા માટે રજૂ કરી ત્યારે વીર સાવરકર અને અન્ય સાથીદારોએ ના પાડી. તે વખતે તો ધીંગરા ચૂપ રહ્યા પરંતુ યોગ્ય સમયે તેમણે સૌની સામે પોતાની યોગ્યા પુરવાર કરતાં પોતાના ડાબા હાથની હથેળી મેજ પર મૂકી અને જમણા હાથમાં જાડો સોયો લઈ ડાબી હથેળી પર એટલી જોરથી માર્યો કે તે હાથની આરપાર નીકળીને મેજમાં ઘુસી ગયો. આ જોઈને બધા સાથીદારો ચકિત થઈ ગયા અને ઢીંગરાને કર્જન વાયલીની હત્યા કરવાની પરવાનગી મળી ગઈ.

૧ જુલાઈ ૧૯૦૯ ગુરુવારે નેશનલ ઈંડિયન એસોસિએશનની વર્ષગાંઠ નિમિત્તે ઈમ્પીરિયલ જહાંગીર હૉલ પસંદ કરવામાં આવ્યો. હોલનું વાતાવરણ ઘણું  જ મનોહર હતું. ધીંગરાએ ભારતના અપમાનનો બદલો લેવાનો આજે  સંકલ્પ કરી લીધો હતો. ધીંગરા રાત્રે ૮ વાગે ત્યાં પહોંચ્યા. તે સીધા હૉલમાં ચાલ્યા ગયા. થોડીવાર સુધી તેઓ લોકો સાથે વાતો કરતાં રહ્યાં. રાત્રે ૧૦ વાગી ગયા. ધીંગરાના આંખો રહી રહીને પ્રવેશ  દ્વાર પર દોડી રહી હતી. કર્જન વાયલી અને તેમની પત્ની પણ હવે આવી ગયા હતા. એક ક્લાસ સુધી મનોરંજન ચાલતું રહ્યું. કાર્યક્રમ પૂરો થયો. તે વખતે ૧૧ વાગ્યા હતા. કર્નલ વાયલી મંચથી ઉતરી આવ્યા. હવે ધીંગરા કર્જન તરફ આગળ વધ્યા. ધૉય ! ધૉય ! અચાનક જ ગોળીઓની આ અવાજે સ્તબ્ધતા પેદા કરી દીધી. બધાની દૃષ્ટિ જે તરફથી ગોળી ચાલી હતી તે તરફ ગઈ. ધીંગરા પોતાનું કામ કરી ચૂક્યા હતા. કર્જન એક ચીસ સાથે ઢળી પડ્યા હતા.ધીંગરાએ બે બીજી ગોળીઓ તેમના ઉપર ચલાવી. તે મરી ચૂક્યા હતા. જહાંગીર હોલમાં કોલાહલ મચી ગયો. આ બધી ઘટનાઓ વચ્ચે ધીંગરા શાંત હતા. મલકાઈ રહ્યા હતા. ધીંગરાએ આટલી ભયંકર હત્યા કરી હતી. પરંતુ તે સહેજ પણ



ભયભીત ન હતા. પોલિસ તેમને થાણે લઈ ગઈ. લંડનના બધા જ સમાચાર પત્રોમાં વાયલીની સુનિયોજિત હત્યાના સમાચાર પ્રકાશિત થયા. લોકોમાં ખળભળાટ મચી ગયો. લંડનના ઉચ્ચ ન્યાયાલયમાં ધીંગરાને બ્રિક્સટનના કારાગારમાં રાખવામાં આવ્યા હતા. ધીંગરાએ ન્યાયાલયમાં પોતાની જુબાની ૧૦ જુલાઈ ૧૯૦૯ના રોજ આપી હતી. તેમણે કહ્યું, 'જેમ જર્મનોને ઈંગ્લેડ પર પોતાનો કબજો કરવાનો કોઈ અધિકાર નથી, તે જ રીતે અંગ્રેજોને પણ ભારત પર કબજો જમાવી રાખવાનો કોઈ અધિકાર નથી. અમારી માતૃભૂતિ પર અપવિત્ર પગ મૂકનારાઓની હત્યા કરવી ન્યાયોચિત છે મને અવશ્ય ફાંસી આપવામાં આવે. હું આ જ ઈચ્છું છું. તેનાથી મારા દેશવાસીઓના અંતઃકરણમાં ક્રાંતિની જ્વાળા ભટકશે.' કેસ ૨૫ જુલાઈના રોજ પુરો થઈ ગયો. ન્યાયાલયે પોતાનો ચુકાદો આપી દીધો - મૃત્યુદંડ અને મૃત્યુદંડનો દિવસ પણ નિશ્ચિત થઈ ગયો. ૧૭ ઓગષ્ટ, ૧૯૦૯, કર્નલ વાયલીની હત્યા કરવાની પહેલા ધીંગરાએ જે વક્તવ્ય તૈયાર કરીને પોતાના ખિસ્સામાં રાખ્યું હતું, તેને પોલિસે ચોરીને સંતાડી રાખ્યું હતું. ન્યાયાલયમાં ધીંગરાએ પોલિસને તે વક્તવ્ય વાંચી સંભળાવવા કહ્યું, પરંતુ પોલિસ તદ્દન ફરી ગઈ. પોલિસે એવો ડોળ કર્યો કે તેને વક્તવ્યની બાબતમાં કોઈ જાણકારની નથી.

મદનલાલ ધીંગરાના અંતિમ ઉદ્ગાર વાંચકો માટે અહીં પ્રકાશિત કર્યા છે.

"હું આ સ્વીકારૂ છું કે મેં એક અંગ્રેજનું ખૂન વહેવડાવ્યું છે અને તે એટલા માટે વહાવ્યું છે કે હું ભારતીય દેશભક્ત નવજવાનોને માનવીય રૂપે ફાંસીના માંચડે લટકાવવા તથા તેમને આજીવન કાળાપાણીની સજા કરવાનો બદલો લઈ શકું

આ પ્રયત્નમાં મેં મારા અંતરાત્મા સિવાય બીજા કોઈની સલાહ લીધી નથી અને પોતાના કર્તવ્ય સિવાય અન્ય કોઈની સાથે કાવતરૂં નથી રચ્યું.

**⇨ મારા જન્મ અને બલિદાનનો આ ક્રમ ત્યાં સુધી ચાલતો રહે જ્યાં સુધી ભારત માતા આઝાદ ન થઈ જાય.**

મારો વિશ્વાસ છે કે જે દેશને બંદૂકો અને તોપોના નાળચાના જોરે દબાવીને રાખવામાં આવતા હોય, તે દેશ હંમેશા આઝાદાની લડાઈ લડતો રહ્યો છે. જે દેશના હથિયાર છીનવી લીધા હોય, તે ખુલ્લું યુદ્ધ કરવાની સ્થિતિમાં નથી હોતો. હું ખુલ્લી લડાઈ લડી શકતો ન હતો, તેથી જ મેં અચાનક રીતે આક્રમણ કર્યું. મને બંદૂક રાખવાની મનાઈ હતી, તેથી જ મેં પિસ્તોલ ચલાવીને આક્રમણ કર્યું.

હિન્દુ હોવાને કારણે મારો આ વિશ્વાસ છે કે મારા દેશ પ્રત્યે કરવામાં આવેલો અપરાધ ઈશ્વરનું અપમાન છે. મારી માતૃભૂમિનું કાર્ય જ ભગવાન રામનું કાર્ય છે. માતૃભૂમિની સેવા જ ભગવાન શ્રી કૃષ્ણની સેવા છે. મારા જેવી ગરીબ અને બુદ્ધિ વગરની વ્યક્તિ પાસે પોતાના રક્ત સિવાય માતૃભૂમિને સમર્પતિ કરવા માટે બીજુ શું હતું, તેથી જ હું માતૃવેદી પર મારી રક્તાજંલિ અર્પણ કરી રહ્યો છું.' મૃત્યુનું આલિંગન કેવી રીતે કરવામાં આવે અને તે પાઠ શીખવવાનો એક જ ઉપાય છે કે હું પોતે જ મરીને બતાવવામાં આવે, તેથી જ હું મરીને બતાવી રહ્યો છું અને મારી પોતાની શહાદત પર મને ગર્વ છે.

આ પધ્ધતિ ત્યાં સુધી ચાલશે જ્યાં સુધી પૃથ્વીની સપાટી હિંદુ અને અંગ્રેજ જાતિઓનું અસ્તિત્વ છે. (ગુલામીનો આ અસ્વાભાવિક સંબંધ સમાપ્ત થઈ જાય તો અલગ વાત છે) ઈશ્વર મારી એક જ પ્રાર્થના છે કે મને નવું જીવન પર ભારતમાતાના ખોળામાં આપે અને મારૂં તે જીવન પણ ભારત - માતાની આઝાદીના પવિત્ર કાર્ય માટે જ સમર્પિત હોય. મારા જન્મ અને બલિદાનનો આ ક્રમ ત્યાં સુધી ચાલતો રહે જ્યાં સુધી  ભારત માતા આઝાદ ન થઈ જાય. મારી માતૃભૂમિની આઝાદી માનવતાના હિત-ચિંતન અને પરમ પિતા પરમેશ્વરનું ગૌરવ વધારવા માટે હશે." - મદનલાલ ધીંગરા

# ઉત્તરદાયિત્વને નિભાવવું તે માનવ નિર્માણનું મુખ્ય સાધન છે

**વ્યવહાર**

૦૬. વ્યવહાર, ધર્મ અને યોગાભ્યાસની વાત પર વધારેમાં વધારે સમય લગાવો, જ્યાં-ત્યાંની વાતો ન કરો અન્યથા મુખ્ય વાત રહી જશે અને વ્યર્થ વાતોમાં રૂચી વધી જશે.

૦૭. વ્યક્તિ સામેવાળાને લગભગ પોતાના જ માપદંડથી માપે છે, પોતાના દ્રષ્ટિકોણથી તેના વિષયમાં વિચારે છે. પોતાની આ સિમિત દ્રષ્ટિને કારણે સામેવાળા સાથે મોટે ભાગે દુર્વ્યવહાર કરી બેસે છે, પરંતુ જ્યારે સમગ્ર દ્રષ્ટિકોણને લઈને વિચારે છે તે પછી તેની સાથે ઉચિત વ્યવહાર કરી શકે છે.

૦૮. એવું કોઈ કાર્ય કરવું ન જોઈએ કે જેનાથી લાગે કે અ કાર્યની જાણ કોઈને થઈ જાય તો શું થશે ? અર્થાત્ મનમા કાર્ય કરતી વખતે ભય, શંકા, લજ્જા ઉપજતી હોય તો તે કાર્યને ન કરવું જોઈએ. જો કે આમાં પોતાના આત્માનું કંઈ નષ્ટ ન થાય છતાં પણ પોતાના આત્માની પવિત્રતાની વિરૂદ્ધ કંઈ કરવું જોઈએ નહીં.

## સત્યોપદેશ

ઉપદેશક - સ્વામી સત્યપતિજી

અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૦



૦૯. જ્યાં સુધી મનમાં એમ માનીને બેસીએ કે - હું ઘણું બધું જાણું છું, ત્યાં સુધી દોષ દૂર થશે નહીં. જ્યાં સુધી વિરોધી તત્વને નહીં જાણીએ ત્યાં સુધી સત્ય પકડાશે નહીં અને જ્યાં સુધી જૂઠ અને જૂઠથી હોનારી હાનિઓએ નહીં જાણીએ ત્યાં સુધી સત્યને નહીં જાણી શકીએ.

૧૦. હું અલ્પ કાર્ય કરૂં અને બીજાં ભલે વધુ કાર્ય કરતાં રહે, આ ભાવના સ્વયંને બગાડવાની સ્થિતિ છે. અને ભલે બીજાં કામ કરે યા ન કરે હું તો કરીશ- આ ભાવના નિર્માણની સ્થિતિ છે.

૧૧. જે વ્યક્તિ ઉંચા વિવેક-વૈરાગ્યવાળો છે તે સ્વયંના સુખનો ત્યાગ કરી બીજાને સુખ આપે છે. કારણ કે તેનાથી તેને જે ઉપલબ્ધિ મળે છે તે સ્વયંના સુખ ભોગવવાથી મળનારી ઉપલબ્ધિથી વિશેષ છે. તેને છોડી સામાન્ય ઉપલબ્ધિને પકડવી એ માનવતા નથી.

૧૨. ઉત્તરદાયિત્વને નિભાવવું તે માનવ નિર્માણનું એ મુખ્ય સાધન છે.

૧૩. કાર્યનો આરંભ કરો ત્યારે એવું ન વિચારો કે - આ જે કાર્ય હું કરવાનો છું તે કેવી રીતે સુંદર, કમ સમયમાં, કમ ખર્ચમાં થઈ શકે તેમ છે. કાર્યને કરતી વખતે આદિથી અંત સુધીમાં તેના વિષયમાં વિચારો કે તેનાથી શું લાભ અને શું હાનિ થઈ શકે છે. **(ક્રમશઃ)**



# શ્રી દયાલમુની સમ્માન સમારંભ સમિતિ આત્મનિવેદન



પાછલા લગભગ ૬ વર્ષથી ચારેય વેદનો ગુજરાતી અનુવાદ કરવાના કામમાં સતત લાગેલા ગુજરાતના વેદ સેવક વિદ્વાન વૈદ્ય શ્રી દયાલમુનીજીનો સત્કાર સમારંભ ગોઠવવાનું આયોજન છે. તે આપ જાણો છો.

એમણે કરેલા ચારેય વેદોના ગુજરાતી અનુવાદનું પ્રકાશન વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ (સા.કા.) તરફથી કરવામાં આવ્યું છે. આ સંસ્થાએ સર્વ પ્રથમ આ સમ્માન સમારંભનું બીજ વાવ્યું છે. એ પછી અન્ય કેટલીક સંસ્થાઓ અને સદ્‌ગૃહસ્થ આ કાર્યમાં જોડાયા અને એ રીતે આ સમ્માન સમારંભનું બીજ અંકુરિત થવા પામ્યું. જરૂરતને ધ્યાનમાં રાખી એક અભિનંદન સમિતિ નીમવામાં આવી છે. આ સમિતિના સદસ્યો દ્વારા સર્વસંમતિથી શ્રી સુરેશચંદ્ર અગ્રવાલને અધ્યક્ષ (૦૯૮૨૪૦-૭૨૫૦૯), શ્રી રણજીતસિંહ પરમારને (૦૯૪૨૮૨-૦૨૫૯૪), શ્રી પ્રભુભાઈ વેલાણી (૦૯૮૯૨૪-૩૩૩૭૩)ને ઉપાધ્યક્ષ, શ્રી ડૉ. કમલેશકુમારજી શાસ્ત્રીને સંયોજક (૦૯૮૨૫૪-૭૮૮૭૬) તથા આચાર્ય જ્ઞાનેશ્વરજીને પ્રેરક/કોષાધ્યક્ષ (૦૨૭૭૦-૨૮૭૪૧૭) નિયુક્ત કરવામાં આવ્યા છે.

જેમ જેમ આ સમારંભ કાર્યના સમાચાર આર્યજગતમાં ફેલાયા છે તેમ તેમ ઉત્સાહ સાથે આ કાર્યને સમ્પન્ન કરવામાં પોતાનો યથાશક્તિ ફાળો આપવાના પ્રસ્તાવો પણ મળવા લાગ્યા છે. આ સંદર્ભે વિચાર કર્યા પછી એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે જો કોઈ સદ્‌ગૃહસ્થ સમ્માનનીય વેદ સેવકશ્રીના આ સમ્માન સમારંભ રૂપ યજ્ઞમાં આહૂતિ સમર્પિત કરવા ઈચ્છતા હોય તો તેમને પણ લાભ આપવો જોઈએ. આ નિર્ણયને વધાવી લેવા વાનપ્રસ્થ સાધક આશ્રમના અધિષ્ઠાતા આચાર્યશ્રી જ્ઞાનેશ્વરજીએ પણ વૈદિક વાંગ્મય પ્રકાશન તરફથી એક લાખ રૂપિયાની આહૂતિ આપવાનું નિર્ધારિલ છે.

આ ઉપર્યુક્ત નિર્ણયના અનુસંધાને આપશ્રીને જણાવવાનું કે આપ પણ જો સ્વેચ્છાએ ગુજરાતના આ વેદસેવક વિદ્વાનના ભાવી સમ્માન કાર્યક્રમમાં પોતાની આહૂતિ આપવા ઈચ્છતા હોવ તો આપ પણ આપની રાશી ચેક, ડ્રાફ્ટ, મનીઓર્ડર કે રોકમ સ્વરૂપમાં તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૩ પૂર્વે મળી જાય એ રીતે મોકલી શકો છો. આપની આહૂતિ ઓછામાં ઓછી રૂા. ૧૦૦૦ (અંકે એક હજાર પૂરા) હોય તે અપેક્ષિત છે.

જો આપ ચેક કે ડ્રાફ્ટ મોકલવાના હોવ તો નીચેના નામે મોકલવા કૃપા કરશો..

ખાતાનું નામ : **"શ્રી દયાલમુનિ સમ્માન સમારંભ સમિતિ"**, ખાતા નંબર : **૦૧૭૯૦૧૦૦૦૦૧૫૬૨૧**, બેન્ક ઓફ બરોડા, શાખા - ધનસુરા, જિ. અરવલ્લી.

**Branch Swift (IFSC Code) : BARBODHANSU.**


સવિશેષ નિવેદન : આ સમ્માન સમારંભમાં અને તે પ્રસંગે યોજેલા ભોજન સમારંભમાં પધારવા આપને સપરિવાર હાર્દિક આમંત્રણ છે. આપ જો એક દિવસ વહેલા (એટલે કે તા. ૨૭-૧૨-૨૦૧૩, શનિવાર) આવવાના હોવ તો કૃપા કરીને અમને જાણ કરવા વિનંતી છે. આપ આહૂતિદાતા તરીકે જોડાવ કે ન જોડાવ તા. ૨૮-૧૨-૨૦૧૩, રવિવારના રોજ યોજેલા સમ્માન સમારંભમાં આપની ઉપસ્થિતિ સાગ્રહ અપેક્ષિત છે.

આપનો

સંયોજક : ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી

કૃતે : શ્રી દયામુનિ સમ્માન સમારંભ સમિતિ.

## ૧થી૧૫ ડિસેમ્બર,૨૦૧૩ સ્વામી વિવેકાનંદજીનો પ્રચાર કાર્યક્રમ



સ્વામી વિવેકાનંદજી તા. ૧૭ થી ૨૦ સુધી દર્શન યોગ મહાવિદ્યાલય ખાતે રહેશે અને અધ્યાપન કરશે.

**તા. ૨૯મી નવેમ્બર થી ૧ ડિસેમ્બર -વૈદિક ધ્યાન શિબિર, સ્થાનઃ** આર્યસમાજ, સેક્ટર : ૧૬, ચંદીગઢ **સંપર્ક :** શ્રી નરેશ નૈયર મો. ૦૯૮૧૫૫૮૫૫૩૩

**તા. ૨ - યાત્રા, ચંદીગઢ થી દિલ્લી**

**તા. ૨થી ૧૧ યોગદર્શન અધ્યાપન, વ્યાસ ભાષ્ય સહિત, (માત્ર વિદ્વાનો માટે જેમાં દિલ્લી વિશ્વવિદ્યાલય, લાલ બહાદુર શાસ્ત્રી વિશ્વ વિદ્યાલય, જવાહરલાલ નહેરૂ વિશ્વવિદ્યાલય અને દિલ્લી સંસ્કૃત અકાદમી વગેરે સંસ્થાઓના અનેક વિદ્વાનો તથા સંભવતઃ અમુક આઈ.એ.એસ. અધિકારી ભાગ લેશે.) સ્થાન :** દિલ્લી સંસ્કૃત અકાદમી, ઝંડેવાલાન, નવી દિલ્લી. **સંપર્ક :** ડૉ. સુધીર કુમારજી મો. :૦૯૬૫૦૯૨૫૦૩૦

**તા. ૩ થી ૮ -સરલ આધ્યાત્મિક શિબિર, સ્થાનઃ** આર્યસમાજ, સંદેશ વિહાર, દિલ્લી, **સંપર્ક :** શ્રી વિજેન્દ્ર આનંદ મો. ૦૯૯૧૦૦ ૨૪૦૯૯

**તા. ૯ થી ૧૨ - સ્થાન : આર્યસમાજ, જનકપૂરી, સી-બ્લોક, દિલ્લી, સંપર્ક** શ્રી જશપાલ ગર્ગજી મો. ૦૯૮૭૧૫૫૮૩૯૦

**તા. ૧૨ -યાત્રા દિલ્લી થી અમદાવાદ**

**તા. ૧૩ -ન્યાય દર્શન પાઠ, સ્થાન :** વસ્ત્રાલ, અમદાવાદ **સમય : સવારે ૮ :૦૦ થી ૯ : ૦૦ સંપર્ક :** શ્રીમતી વૈશાલીબેન વસિષ્ઠ મો. ૦૯૨૨૮૭૯૮૯૬૭

**તા. ૧૩, ૧૪, ૨૫ - યોગદર્શન પાઠ. સ્થાન :** વૈદિક સંસ્થાન ઓઢવ, **સમય :** સવારે ૧૦ : ૩૦ થી ૧૨ : ૦૦ **સંપર્ક :** ૦૭૯-૨૨૯૭૨૩૪૦ મો. : ૮૧૪૧૧૨૬૬૨૦

**તા. ૧૩, ૧૪, ૧૬, ૨૩, ૨૪ - મનુસ્મૃતિની કક્ષા. સ્થાન :** ૧૨૪, રામેશ્વર પાર્ક ગૌરી સીનેમાની પાસે, કાકાની ભાજીપાઉની પાછળ, ઓઢવ. **સમય :** સાંજે ૬ : ૦૦ થી ૭ : ૧૫ **સંપર્ક :** શ્રી રાજકુમારજી મો. ૦૯૪૨૬૩-૩૮૬૦૯

**તા. ૧૩ - વેદ પ્રવચન. સ્થાન :** ૯૩, રામેશ્વર સોસાયટી, આવકાર હોલની પાસે, મણિનગર,. **સમય :** રાત્રે ૮ : ૩૦ થી ૧૦ : ૦૦ **સંપર્ક :** શ્રી હેમંત અડવાણી મો. ૦૯૮૨૪૦ ૪૦૫૦૭.

**તા. ૧૪ - પ્રવચન તથા શંકા-સમાધાન. સ્થાન :** કોમન પ્લોટ, રામેશ્વર પાર્ક, ઓઢવ. **સમય :** રાત્રે ૯ : ૦૦ થી ૧૦ : ૧૫ **સંપર્ક :** શ્રી રાજકુમારજી મો. ૦૯૪૨૬૩-૩૮૬૦૯

**તા. ૧૫ - વેદ પ્રવચન . સ્થાન :** મહારાજા અગ્રસેન વિદ્યાલય, મેમનગર, થલતેજ. **સમય :** સવારે ૮ : ૦૦ થી ૯ : ૧૫ **સંપર્ક :** શ્રી રાજુ પટેલ મો. ૦૯૯૨૪૪-૭૫૬૦૩, કાર્યાલય : ૦૭૯ ૨૭૪૩૭૪૪૦.

**તા. ૧૫ - પ્રવચન . સ્થાન :** આર્યસમાજ, અંબાલાલ કોમ્પ્લેક્ષ, સોમેશ્વર પાર્ક ૩ની સામે, સન એન્ડ સ્ટેપ ક્લબની પાસે, થલતેજ, અમદાવાદ. **સમય :** સવારે ૯ : ૩૦ થી ૧૦ : ૧૫ **સંપર્ક :** શ્રી ગોવિંદરામજી મો. ૦૯૪૨૭૬-૨૮૩૦૪.

**તા. ૧૫ - પ્રવચન તથા શંકા-સમાધાન. સ્થાન :** આર્યસમાજ, કાંકરિયા રોડ, અમદાવાદ. **સમય :** સવારે ૧૧ : ૦૦ થી ૧૨ : ૦૦ **સંપર્ક :** ફોન : ૦૭૯- ૨૫૪૫૪૩૭૩


# અગ્નિપથ

અસ્માકં વીરા ઉત્તરે ભવન્તુ

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.

AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

: કાર્યાલય :

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail : agnipathgnr@gmail.com


## વિચાર ટીવી દ્વારા આસ્થા ચેનલ તથા આસ્થા ભજન પર સ્વામી સત્યપતિજીનું પ્રવચન

**પ્રસારણની તારીખ :- ૩૦/૧૧/૨૦૧૩**

**આસ્થા ચેનલ**
રાત્રે ૯:૩૦ થી ૧૦:૦૦

**આસ્થા ભજન**
રાત્રે ૮:૩૦ થી ૯:૦૦



સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

## આર્યસમાજ, મોરબી દ્વારા દિવ્ય વૈદિક ભજન સત્સંગનું આયોજન

આર્યસમાજ, મોરબી દ્વારા આગામી તા. ૨ અને ૩ ડિસેમ્બરના રોજ આર્યસમાજ હોલ ખાતે દિવ્ય વૈદિક ભજન સત્સંગનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો છે.

આર્ય જગતના સુપ્રસિદ્ધ ભજનોપદેશક પંડિત સતિષ-સુમનજી મોરબી મધ્યે વૈદિક ભજનનોની ગંગા વહેવડાવશે. જેમના ભજન અને ઉપદેશથી વ્યક્તિમાં પરમાત્મામાં સંપૂર્ણ નિષ્ઠા, શ્રેષ્ઠતા, દ્રષ્ટિમાં પવિત્રતા, વાણીમાં મધુરતા, ચહેરામાં પ્રસન્નતા, કર્મમાં પ્રવિણતા, સેવામાં નમ્રતા, વ્યવહારમાં સરળતા, સ્નેહમાં શુધ્ધતા, સંબંધમાં નિર્લિપ્તા, આહારમાં સાત્વિકતા, જીવનમાં સત્યતા, અને નિંદ્રામાં નિશ્ચિંતતાની ઉપલબ્ધિ પ્રાપ્ત થશે.

આર્યસમાજ, મોરબી દ્વારા આ સત્સંગનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો સમય રાત્રે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦નો રાખવામાં આવ્યો છે.

# येन द्यौरुग्रा पृथिवी च दृढ़ा येन स्वः स्तभितं येन नाकः। यो अन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषा विधेम ।।

(यजु.अ. ३२ / मं. ६)

**पदार्थ (१) :-**

(**येन**) जिस जगदीश्वर ने (**उग्रा**) तीक्ष्ण स्वभाव वाले या तीव्र तेज वाले (**द्यौः**) प्रकाशयुक्त सूर्यादि पदार्थ और (**पृथिवी**) भूमि (**दृढ़ा**) दृढ़ की है या धारण की है (**येन**) जिस जगदीश्वर ने (**स्वः**) सुख को (**स्तभितं**) धारण और (**येन**) जिसने (**नाकः**) सब दुःखों से रहित मोक्ष को धारण किया है (**यः**) जो (**अन्तरिक्षे**) मध्यवर्ती आकाश में वर्तमान (**रजसः**) सब लोक लोकान्तरों को (**विमानः**) विशेष मानयुक्त अर्थात् जैसे आकाश में पक्षी उड़ते हैं, वैसे सब लोकों का निर्माण करता और भ्रमण कराता है, हम लोग उस (**कस्मै**) सुखदायक (**देवाय**) कामना करने के योग्य परब्रह्म की प्राप्ति के लिए (**हविषा**) सब सामर्थ्य से (**विधेम**) विशेष प्रेमभक्ति करें या सेवा करें।

(सं.वि + ऋ. दया. कृत यजुर्वेदभाष्य)

**भावार्थ प्राः-**

ईश्वर मन्त्र द्वारा उपदेश देते हैं - हे मनुष्यों ! जो समस्त जगत् का धर्ता, सब सुखों का दाता, मुक्ति का साधक, आकाश के तुल्य व्यापक परमेश्वर है उसी की भक्ति करो। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.३२/मं.६)

**टिप्पणी :-**

(क) ईश्वररचित सूर्य प्रति सैकण्ड जो ऊर्जा फैंकता है उसका दो अरबवाँ भाग ही पृथ्वी के हिस्से में आता है। यदि मानव इसका १०,००० वाँ भाग भी उपयोग में ले तब भी ऊर्जा की समस्या हल हो सकती है। इस ऊर्जा के उत्सर्जन में सूर्य प्रति सैकण्ड लगभग ४० टन वजन खो देता है ऐसा बताते हैं।

(ख) हमारी आकाश गंगा में कम से कम १० अरब सूर्य हैं जिनमें से प्रत्येक सूर्य का भार हमारे सूर्य से अधिक है ऐसा बताते हैं। हमारी आकाशगंगा के समान अरबों आकाशगंगाएँ आकाश में हैं इनका रचयिता व धारक ईश्वर है।

(ग) पृथिवी का द्रव्यमान = दस अरब का ६६०० अरब गुना टन बताया जाता है।

(घ) ज्येष्ठा नक्षत्र का व्यास हमारे सूर्य से ४५० गुना बताया जाता है। हमारे सूर्य जैसे ६ करोड़ सूर्य एक साथ मिलाये जाय तो ज्येष्ठा नक्षत्र बनेगा। १३ लाख पृथिवियों को एक साथ मिलाने से सूर्य बनता है।

(ड.) विज्ञान ज्योतिषियों का कहना है कि एक खरब से ऊपर निहारिकाएँ या आकाशगंगाएँ तो हमने गिनी हैं।

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

(૧૪) સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

(च) ईश्वर की व्यवस्था से पृथ्वी अपने ध्रुवीय अक्षों पर घूमते हुए २३ के कोण पर झुकी रहती है जिससे ऋतुओं में नियमितता आती है। पृथ्वी के अपने अक्ष पर घूमते रहने के कारण उसका बसने योग्य क्षेत्रफल दुगुना हो गया है ऐसा बताते हैं।

(छ) सूर्य से बाहर निकलने वाली ज्वालाओं में सबसे बड़ी ज्वाला की लम्बाई ५.८८ लाख किलोमीटर नापी गयी है।

(ज) पृथ्वी के चारों ओर गैसों का वायुमण्डल काफी ऊँचा (५०० मील) व इतना घना है कि वह तीस मील प्रति सेकण्ड के हिसाब से प्रतिदिन गिरने वाले दो करोड़ उल्काओं के घातक प्रभाव से पृथ्वी को बचा लेता है। यह वायुमण्डल तापमान को ऐसी सीमा तक सीमित रखता है कि जिनमें प्राणी जीवित रह सकें। यह ईश्वरीय सुरक्षा व्यवस्था है। उल्काओं की सबसे भारी वृष्टि १६,१७ नवम्बर १६७७ ई. की रात को देखने को मिली ऐसा बताया जाता है।

(स) ईश्वर पृथिवी व सूर्य का परिमाणकर्ता है। उनके आकार का निर्धारण ईश्वरकृत है। यदि पृथिवी का आकार इतना छोटा होता जितना चन्द्रमा का अर्थात् वर्तमान व्यास से उसका व्यास केवल एक चौथाई होता तो गुरुत्वाकर्षण शक्ति न वायुमण्डल को सम्भाल पाती न पानी को और तापमान भी इतना सीमातीत होता कि जीवन धारण करना कठिन हो जाता । यदि पृथिवी का व्यास वर्तमान व्यास से दुगुना हो जाय तो गुरुत्वाकर्षण शक्ति के दुगुना होने से वायुमण्डल की ऊँचाई खतरनाक रूप से घट जायेगी व उसका दबाब भी बढ़ जायेगा जिसका जीवन पर गम्भीर घातक असर पड़ेगा। सर्दी वाले क्षेत्र बहुत बढ़ जायेंगे। मानव समुदाय के विभिन्न वर्ग अलग-थलग पड़ जायेंगे और यात्रा करना या संचार साधनों का प्रयोग करना सर्वथा कठिन व लगभग असम्भव हो जायेगा ऐसा बताते हैं।

(ञ) यदि पृथिवी का आकार सूर्य जितना बड़ा हो जाय व घनता ज्यों की त्यों रहे तो इसकी गुरुता १५० गुनी बढ़ जायेगी। वायुमण्डल की ऊँचाई घटकर केवल ४ मील रह जायेगी। पानी का भाप बनकर उड़ना असम्भव हो जायेगा। मानवों का आकार इतना छोटा हो जायेगा जैसे गिलहरी का ऐसा बताया जाता है।

(ट) पृथिवी व सूर्य के बीच की दूरी भी ईश्वर द्वारा निर्धारित है। यदि सूर्य की दूरी वर्तमान दूरी से दुगुनी हो जाये तो सर्दियों के मौसम लम्बाई में दुगुने हो जायेंगे। सब प्राणी ठण्ड के मारे मर जायेंगे। यदि सूर्य की दूरी वर्तमान दूरी से आधी होवे तो गर्मी के मौसम लम्बाई में चौगुने हो जायेंगे व सब प्राणी जल-भुन जायेंगे ऐसा बतलाते हैं।

## गृहस्थ जीवन को सुखी कैसे बनाए ?

: વક્તા :

**સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક**
**નિદેશક, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ, સાબરકાંઠા**



**કાર્યક્રમની રૂપરેખા**

કાર્યક્રમની તારીખ : ૦૫/૦૧/૨૦૧૪

૯:૦૦ થી ૧૦:૩૦ પ્રથમ સત્ર   ૧૦:૩૦ થી ૧૧:૦૦ જલપાન
૧૧:૦૦ થી ૧૨:૩૦ બીજુ સત્ર   ૧૨:૩૦ થી ૧:૩૦ ભોજન

**પ્રવેશ શુલ્ક : રૂ. ૧૦૦.૦૦**

: પ્રવેશ માટે સંપર્ક :

શશીકાંતભાઈ આર્ય મો. : ૮૮૬૬૦૮૧૦૯૬
સંજયભાઈ આર્ય મો. : ૯૪૨૬૩૮૧૩૦૨

**આયોજક** આર્યસમાજ, અમદાવાદ
**વ્યવસ્થાપક** વૈદિક સંસ્થાન, ઓઢવ

**: કાર્યક્રમનું સ્થળ :**

ટાઉન હોલ, એલિસબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com